GJDH030015382026

| દાખલ તારીખ | ૦૨/૦૩/૨૦૨૬ |
|---|---|
| રજુ તારીખ | ૦૨/૦૩/૨૦૨૬ |
| ફેસલ તારીખ | ૦૪ /૦૭/૨૦૨૬ |

**દેવગઢ બારીઆના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**શ્રી (એસ.આર.વકીલ) સાહેબની કોર્ટ સમક્ષ**

**ક્રિમીનલ કેસ નં. ૧૩૩૯/૨૦૨૬**

**આંકઃ– ૧૧**

**ફરીયાદીઃઃ– શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપીઃઃ– દીશુભાઈ ઉર્ફે દિપસીંગભાઈ નાનાભાઈ ઉર્ફે હીરાભાઈ નાયક**
**રહે. નાના પુવાળા ટેકરી ફળીયા,**
**તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ.**

**એડવોકેટઃઃ–** ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી. એસ. એમ. ડામોર
આરોપી તરફે વિ.વ.શ્રી. વિ.એસ.બારીઆ

**ગુનોઃ– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબ**

**–:: જજમેન્ટ ::–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તારીખ ૧૩/૧૦/૨૦૨૫ ના રોજ કોલીના પુન ગામે પોતાના કબજા ભોગવટાના રહેણાક મકાનમાં દેશી દારુ લીટર ૦૩ કિંમત રૂા. ૬૦૦/– નો પ્રોહી મુદામાલ રાખી, રેઈડ દરમીયાન હાજર ન મળી આવી ઘી પ્રોહીબીશન એકટની કલમ ૬૫એએ મુજબનો ગુનો કરેલ, ત.ક.અમલદાર દ્ધારા ગુન્હાની તપાસ કરતા, જરૂરી પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધી આરોપી સામે પુરતો પુરાવો મળતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીઓ વિરૂધ્ધના ગુના સબબ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે જે અન્વયે આરોપીની ગુના અંગેની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરી કેસ કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતા તેમની સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા જણાવેલ છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષ તરફે આ કામના આરોપીની સામેનું તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**–:: મૌખિક પુરાવા ::–**

| ક્રમ | વિગત. | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ પિન્ટુભાઈ મદનભાઈ નાગોરાનાઓની જુબાની | ૦૭ |
| ૨ | પંચ સાહેદ રવીકુમાર નારણદાસ સામાણીનાઓની જુબાની | ૦૯ |

**–:: દસ્તાવેજી પુરાવા ::–**

| ક્રમ | વિગત. | આંક |
|---|---|---|
| ૧ | મુદ્દામાલ રીકવરી પંચનામુ | ૦૮ |
| ૨ | ફરિયાદ | ૧૦ |

સદર કામે રીકવરી પંચનામાને તથા ફરિયાદને આંકે પાડેલ હોય, તે પુરતું આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે અને તેઓ નિર્દોષ હોય છોડી મુકવાનું જણાવેલ છે.

(૪) આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**<u>–:: મુદ્દાઓ ::–</u>**

(૧) શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તારીખ ૧૩/૧૦/૨૦૨૫ ના રોજ કોલીના પુન ગામે પોતાના કબજા ભોગવટાના રહેણાક મકાનમાં દેશી દારુ લીટર ૦૩ કિંમત રૂા. ૬૦૦/– નો પ્રોહી મુદામાલ રાખી, રેઈડ દરમીયાન હાજર ન મળી આવી ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૫એએ મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>–:: કારણો ::–</u>**

**પુરાવાનુ મુલ્યાંકન ::–**

(૬) ફરીયાદપક્ષે મૌખિક પુરાવો ધ્યાને લઈએ તો સદર કામે ઉપરોકત જણાવેલ પ્રોહિ.

મુદ્દામાલ કબજે કર્યા અંગેનુ પંચનામાના પંચસાહેદોએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, પોલીસે એક તૈયાર પંચનામામાં લખાણ પર તેઓની સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી, સદર સહી કર્યા સિવાય તે લખાણની વિગતો અંગે તેઓ કાંઈ જાણતા નથી, પોલીસે તેઓની રૂબરૂ કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ નથી, તેઓને આ કામે રજુ થયેલ પંચનામું બતાવવામાં આવેલ જેમાં પંચ તરીકે તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે. જ્યારે સદર પંચસાહેદો બનાવની હકીકતને સમર્થન કરતા ન હોય વિ. એ.પી.પી.શ્રી તરફે સદર પંચસાહેદોને ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવામાં આવતા પંચસાહેદો સૂચક પ્રશ્નોના જવાબ નકારમાં આપેલ અને ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ નથી. સદર સાહેદોની આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ તરફે વાતને સ્વીકારેલ છે કે, પોલીસે તેઓની ફકત તૈયાર પંચનામામાં સહી લીધેલ, સહિ કર્યા સિવાય પંચનામાની હકિકત વિષે તેઓ કાંઇ જાણતાં નથી.

(૭) વધુમાં સદર કામે આરોપી પક્ષે ફરીયાદની નકલ આંકે પાડવા સારૂ વાંધો ન હોવાનો શેરો કરેલ હોય આ કામે ફરીયાદને ઉપરોક્ત મુજબનો આંક આપી વંચાણે લેવામાં આવેલ છે.

(૮) હાલના કેસમાં, આરોપી વિરુદ્ધ ગુજરાત પ્રોહિબિશન એક્ટ મુજબનો ગેરકાયદેસર દારૂ તેઓના કબજા માંથી મળી આવેલા નો આક્ષેપ કરે છે. પરંતુ આ કામે રિકવરી પંચ સાહેદો ફરી ગયેલા (hostile) જાહેર કરવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. જેનાથી ગંભીર શંકા ઊભી થાય છે કે શું ખરેખર આરોપી પાસેથી કથિત દારૂ જપ્ત થયો હતો. આવા ગેરકાયદેસર દારૂ કબજાના કેસમાં પોલીસ સાક્ષીઓની જુબાની ગ્રાહ્ય હોવા છતાં, જ્યારે સ્વતંત્ર પંચ સાહેદો રિકવરીનો ઇનકાર કરે છે, ત્યારે ફક્ત પોલીસની જુબાની પર આધાર રાખવાથી વિશ્વાસ પ્રસ્થાપિત થતો નથી અને તે ફોજદારી કાયદામાં સ્ટાન્ડર્ડ ઓફ પ્રુફ ના ધોરણ મુજબ ગણી શકાય નહીં. આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલત તથા વડી અદાલતોના ચુકાદોમાં કરેલ અવલોકન લક્ષમાં લેતા જણાય આવે છે કે જો રિકવરી પંચ સાહેદો ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય તથા તપાસના કામે અન્ય કોઈ સ્વત્રંત્ર સાહેદના નિવેદન લેવામાં આવેલ ન હોય ત્યારે ફક્ત પોલીસ સાહેદો તપાસવામાં આવે તો પણ આરોપીને ગુન્હા સાથે સંકળાતો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવવાનો સંભવ ન હોય ત્યારે આવા પોલીસ સાહેદોનો પુરાવો લઈ કોર્ટનો વધુ સમય વેડફવો જોઈએ નહીં. સદર પ્રોહિબીશન એકટમાં કબજાના આક્ષેપનો પાયો મુદ્દામાલ જપ્તી (seizure) હોવાથી, વિશ્વસનીય અને સ્વતંત્ર સમર્થન

સાહેદ ના અભાવે ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બને છે. ફરિયાદ પક્ષે પોતાનો કેસ વાજબી શંકાથી પર (beyond reasonable doubt) સાબિત કરવા બંધાયેલ છે, અને જ્યાં જપ્તી/રિકવરીની હકીકત જ શંકાસ્પદ હોય, ત્યાં આવી શંકાનો લાભ અનિવાર્યપણે આરોપીને મળવો જોઈએ. આમ, ફરી ગયેલા પંચ સાહેદો અને જપ્તી/રિકવરીના વિશ્વસનીય પુરાવાના અભાવે, માત્ર પોલીસ સાક્ષીઓની તપાસ એક નિષ્ફળ કવાયત (futile exercise) બની રહે છે. આમ, ફરિયાદ પક્ષ ગુજરાત પ્રોહિબિશન એક્ટ હેઠળ આરોપીએ ગેરકાયદેસર દારૂનો કબજો વાજબી શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે, જેથી આરોપી શંકાનો લાભ મેળવવા હક્કદાર બને છે. આમ, ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય જેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

- આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૭૧(૧) અન્વયે ઉપરોક્ત જણાવ્યા મુજબના ધી ગુજરાત પ્રોહી. એકટ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના આરોપમાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામે મુદ્દામાલ પાવતી મુજબ કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નિકાલ કરવો. મુદ્દામાલ તરીકે વાસણો તથા નાણાં હોય તો તે સરકાર જમાં લેવા તથા મુદ્દામાલના વાહન હોય તો કામ ચાલતાં દરમ્યાન જો કોઈ હુકમ થયેલ હોય તો તે યથાવત રાખવામાં આવે છે, અને જો આવો હુકમ ન થયેલ હોય તો તે અંગે યોગ્ય તપાસ કરી કાયદાકીય રીતે નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીના જામીનખત અપીલ સમય સુધી કાયમી કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : દેવગઢ બારીઆ.**
**તારીખ: ૦૪ /૦૭/૨૦૨૬**

**(સેતુલ રણછોડભાઈ વકીલ)**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**દેવગઢ બારીઆ**
**જજ કોડ નં. જી.જે. ૦૧૫૩૭**